## ઘ-માર્ગ પરથી દારૂ પીધેલી હાલતમાં આરોગ્ય વિભાગનો ક્લાર્ક ઝડપાયો

### બે સગા ભાઈઓ ઘ-દોઢ પાસે ઈકો સ્પોર્ટ ગાડીમાં ચિક્કાર દારૂ ઢીંચીને બેઠા હતા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના ઘ-૧ થી ઘ-૨ ની વચ્ચે ગઈ મોડી સાંજે દારૂ પીધેલી હાલતમાં ગાડીમાં બેઠેલા બે સગા ભાઈઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. સે. ૭ પોલીસે ઈકો સ્પોર્ટસ ગાડીમાંથી બન્ને પીંધેલા ભાઈઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. જેમાં એક આરોગ્ય વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે.

સેક્ટર-૭ પોલીસ ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી ત્યારે ઘ-૧ થી ઘ-૨ વચ્ચે ઘ-દોઢ પાસે એક ઈકો સ્પોર્ટ્સ ગાડી શંકાસ્પદ હાલતમાં ઉભેલી જોવા મળી હતી. કારમાં તપાસ કરતા અંદર બેઠેલા બન્ને વ્યક્તિઓ દારૂના નશામાં ચુર હોવાનું જાણવા મળ્યું હતું. સેક્ટર-૨-બી પ્લોટ નં. ૧૪૭૪/૧ ખાતે રહેતા અને આરોગ્ય ખાતામાં ક્લાર્ક તરીકે નોકરી કરતા શ્વેતલ મહેન્દ્રભાઈ કંસારા અને તેનો ભાઈ દિપલ મહેન્દ્રભાઈ કંસારા બન્ને શખ્સોની દારૂ પીધેલી હાલતમાં સે. ૭ પોલીસે ધરપકડ કરી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લાની મોટા ભાગની પોલીસને વ્યસનના લીધે ફેફસાંની તકલીફ

### ડીએસપી કચેરીએ યોજાયેલા મેડીકલ ચેકઅપ કેમ્પમાં વિગતો બહાર આવી : સ્મોકિંગ અને તમાકુનું વ્યસન બંધ કરવા તબીબોએ સૂચન કર્યું

ગાંધીનગર, તા. ૧૩

સુરક્ષા સેતુ -ોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જીલ્લા પોલીસ દ્વારા ડીએસપી કચેરી ખાતે આજે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લાના ૩૦૦ જેટલા પોલીસ અધિકારી- કર્મચારીઓનું ચેકઅપ નિષ્ણાત તબીબો દ્વારા કરવામાં આવ્યું હતું. મોટાભાગની પોલીસને લંગ (ફેફસા) કેપીસીટી ઘટી ગઈ હોવાનું પરીક્ષણમાં બહાર આવ્યું છે. તમાકુ અને સ્મોકિંગના વ્યસનને કારણે થયેલી આ ફેફસાની તકલીફો દુર કરવા તબીબોએ વ્યાસન બંધ કરવા સુચન કર્યુ હતું.

જીલ્લા પોલીસ વડાની કચેરી



ખાતે યોજાયેલો આ મેડીકલ ચેકઅપ કેમ્પ ડીવાયએસપી શ્રી જેઠવા, શ્રી ચુડાસમા તથા પી.આઈ શ્રી -વીણસિંહ વાલેરા અને નિષ્ણાત તબીબો દ્વારા દીપ -ગટ્ય કરીને ખુલ્લો મુકાયો હતો. મેડીકલ કેમ્પમાં ઓર્થોપેડીક સર્જન, એમડી મેડીસીન, ડેન્ટલ, જનરલ સર્જન, ગાયનેક, ડાયટીશિયન, એમડી પેથોલોજી, ફીઝીશીયન સહિતના તમામ નિષ્ણાત તબીબોની ટીમે જીલ્લાના ૩૦૦થી વધુ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

# વાવોલની શાલીન-૪માં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

### લગભગ ૧૫૦ વ્યકિતઓની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી : રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયો

વાવોલ, તા.૧૩



(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આજે શાલીન-૪ એપાર્ટમેન્ટના યુવાનોના સહકારથી યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ ચેક અપ કેમ્પમાં શાલીન-૪ તથા આસપાસની સોસાયટીમાંથી લગભગ ૧૫૦ જેટલી વ્યકિતઓને મફત તપાસ કરી આપવામાં આવી હતી.

આ મેડીકલ ચેક અપ કેમ્પમાં ગાંધીનગરના વિવિધ ડોકટરોએ તેમની સેવાઓ આપી હતી. જેમાં ફિઝિયોથેરાપી, આર્યુવેદીક, ઓર્થોપેડીક, ડેન્ટલ, આઈચેકઅપ વગેરેનો સમાવેશ થાય છે. આ કેમ્પમાં દર્દીઓનું બીપી અને બીએમઆઈ પણ ચેક કરવામાં આવ્યું હતું. સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં વાવોલની સોસાયટી વિસ્તારના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન લગભગ ૧૫૦ જેટલી વ્યકિતઓને તેમની વિવિધ તકલીફો માટે નિઃશુલ્ક તપાસ કરી આપવામાં આવી હતી અને ડોકટરો દ્વારા યોગ્ય સલાહ આપવામાં આવી હતી.

આ ઉપરાંત આ મેડકીલ ચેક અપ કેમ્પની સાથે રેડ ક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ પણ કરવામાં આવ્યો હતો. આ રકતદાન શિબિરમાં એક મહિલા સહિત ૧૧ વ્યકિતઓએ રકતદાન કર્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલની ટીમે તેમની સેવાઓ આપી હતી. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવા માટે શાલીન-૪ના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સમાજમાં ગુરૂનું મહત્વ કેવુ છે ? વિષય સાથે ગુરૂપૂર્ણિમા ઉજવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૩

સેક્ટર-૨૩ માં આવેલ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં ગુરૂપૂર્ણિમા ઉજવવામાં આવી હતી.

ગાંધીનગરની શાળા-કોલેજોમાં ધામધૂમપૂર્વક ગુરૂપૂર્ણિમા ઉજવવામાં આવી. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કુનેહપૂર્વક મહેનતથી ભણાવવામાં આવતુ હોય છે ત્યારે ગુરૂ અપેક્ષા વિના શિષ્યોને અભ્યાસ કરાવતા હોય છે. સેક્ટર-૨૩માં આવેલ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા સમાજમાં ગુરૂનું મહત્વ કેવું છે ? તે વિષય પર ગુરૂ પૂર્ણિમા મનાવવામાં આવી હતી. કોલેજની તાલીમાર્થી બહેનોએ કોલેજના એચ.ઓ.ડી. અને અધ્યાપકોને કંકુ તિલક કરી મોં મીઠુ કરાવી ગુલાબનું ફૂલ આપી સન્માન કર્યું હતું. ત્યાર બાદ તાલીમાર્થીઓએ ગુરૂનુ મહત્વ શું છે ? તેના પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમજ વર્તમાન સમયમાં પ્રાચીન ગુરૂના જેવુ મહત્વ કેવી રીતે જાળવી શકાય ? તેની પર માહિતી આપી હતી.

# રાષ્ટ્રીય કક્ષાની મિની ફેન્સીન્ગ સ્પર્ધાની પસંદગી પ્રક્રિયા પ્રેરણા વિદ્યાલયમાં હાથ ધરાશે

### સ્પર્ધામાં ૧૦ વર્ષથી નાના બાળકો જોડાઈ શકશે

ગાંધીનગર, તા.૧૩

ફેન્સીન્ગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આગામી ઓગસ્ટ મહિનામાં રાષ્ટ્રીય કક્ષાની મિની ફેન્સીન્ગ નેશનલ સ્પર્ધા યોજવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ માટે પસંદગી પ્રક્રિયા પ્રેરણા વિદ્યાલય સેકટ-૫ ખાતે કરવામાં આવનાર છે.

જિલ્લાના તલવારબાજીના ખેલાડીઓ માટે સુવર્ણ અવસર આવી રહ્યો છે. જે ખેલાડીઓ તલવારબાજી કરી જાણે છે. જેઓ જીવનમાં પ્રગતિ કરવા ઈચ્છે છે તેવા ખેલાડીઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ફેન્સીન્ગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આગામી ઓગષ્ટ મહિનામાં રાષ્ટ્રીય કક્ષાની મિની ફેન્સીન્ગ સ્પર્ધા યોજવામાં આવશે.

સ્પર્ધામાં દસ વર્ષથી ઓછી વય ધરાવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે ત્યારે તલવારબાજીમાં રસ ધરાવતા અને આ નેશનલ સ્પર્ધામાં જોડાવા ઈચ્છતા ખેલાડીઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે ૨૦ જુલાઈના રોજ સવારે ૮-૦૦ વાગે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

તેમજ ગુજરાત રાજયની અંડર-૧૨ ટીમની પસંદગી જિલ્લા ફેન્સીન્ગ એસોસિએશન દ્વારા તા. ૧૪ જુલાઈ થી ૧૯ જુલાઈ દરમિયાન સાંજે ૪.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે જ કરવામાં આવશે. સાથે સાથે બાળકને તાલીમ પણ આપવામાં આવશે આ તાલીમ શિબિર અને સ્પર્ધામાં જોડાવા ઈચ્છતા ખેલાડીઓએ ગાંધીનગર જિલ્લા ફેન્સીન્ગ એસોસિએશનના કોચ હિંમતજી ઠાકોરનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

# આત્મન્ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ ઉઘડતી શાળાના સમયમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. તા. ૧૧ જુલાઈ ૨૦૧૪ના રોજ આત્મન્ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા વિવિધ સરકારી પ્રાથમિક-માધ્યમિક શાળાઓનાં ૭૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને નોટબુક, પેન, પેન્સિલ, રબર, શાર્પનર, ફુટપટ્ટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે-૧૩ની બે શાળાઓ, સેકટર-૨૪/૨ની શાળા, સે-૨૭ની પ્રાથમિક શાળા અને મહારાણા પ્રતાપ વિદ્યાલયનાં ધોરણ-૫ થી ૮નાં વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારોએ બાળકોને એકાગ્રતાથી નિયમિત અભ્યાસ કરવા, જીવનમાં આગળ વધવા સ્વપ્ન જોઈ પુરુષાર્થ કરવા અંગે તથા બાળગીતો ગાઈ-ગવડાવીને પ્રોત્સાહિત કર્યા હતા.

સંસ્થાના હોદ્દેદારો-સહયોગીઓ સર્વશ્રી એચ.બી. વરિયા, ભરત કવિ, સી.એલ. મહેતા, સંજય થોરાત, તુષાર દવે, હસમુખ મેકવાન, ભીખુ કવિ, પ્રજ્ઞા પટેલ, લીના મહેતા, જયશ્રી ખેતિયા,



દિવ્યાબેન વરિયા, સવિતા માછી વગેરેના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

સેકટર-૧૩/૧, ૧૩/૨, સે-૨૪/૨, સે-૨૭ પ્રાથમિક શાળા અને મહારાણા પ્રતાપ વિદ્યાલયના આચાર્યશ્રી શિક્ષકો સર્વશ્રી શારદાબેન પટેલ, ભાનુબેન ઠકકર, વર્ષાબેન સુથાર, અરુણાબેન નાયક, નિશાભાઈ જોશી, સ્મિતાબેન સેવક, ધારાબેન જહા, દમયંતીબેન મકવાણા, વર્ષાબેન, કાશ્મીરાબેન પરમાર, આનંદીબેન પટેલ, ભાવનાબેન પટેલ, અસ્મિતા બેન દવે વગેરેએ સારો સહયોગ આપ્યો હતો.

આ અગાઉ આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેર આસપાસની શ્રમજીવી વિસ્તારની આંગણવાડીઓનાં બાળકોને રમકડાં, કપડાં અને ચપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૨ અને સેકટર-૭ની શાળાનાં બાળકોને ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સેકટર-૩-ડી રામેશ્વર મંદિરમાં શ્રી શિવ મહાપુરાણ અમરકથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

શહેરના સેક્ટર-૩-ડીમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિરના પાવન સાનિધ્યમાં શ્રી શિવ મહાપુરાણ અમરકથા પંચાયતી નિરંજની અખાડાના સંતશ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી સ્વામિ વૈરાગ્યનંદગીરી મહારાજની વ્યાસપીઠે યોજાશે.

શિક્ષણનગરી હવે ધાર્મિક નગરી પણ બની ગઈ છે. આ નગરમાં વાર-તહેવાર ઉપરાંત સામાન્ય દિવસોમાં પણ ભગવાનના ગુણલા ગાવાના કાર્યક્રમો યોજાતા હોય છે. ત્યારે સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિર ખાતે શ્રી શિવમહાપુરાણ અમરકથા યોજવામાં આવશે કથાનો પ્રારંભ તા. ૧૭ જુલાઈ અને પૂર્ણાહુતિ તા. ૨૩ જુલાઈના રોજ કરવામાં આવશે. દરરોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન પંચાયતી નિરંજની અખાડાના સંતશ્રી શ્રીશ્રી ૧૦૮ શ્રી સ્વામિ વૈરાગ્યનંદગીરી મહારાજ બિરાજશે.

સાત દિવસ યોજાનાર કથામાં દરરોજ અલગ-અલગ દેવી દેવતાઓની કથા કરવામાં આવશે. કથામાં ગાંધીનગર નાગરીક કો.ઓ. બેન્ક. લિ. કૃણાલ કન્સ્ટ્રકશન શ્રી સિસોદિયા, રમેશભાઈ પ્રજાપતિ મધુરમ ગ્રીન્સ, બાબુભાઈ પટેલ અશ્વમેઘ કોર્પોરેશન, અંબુસિંહ ગોલ અને કિલ્લોલ પંડ્યા મુખ્ય દાતાઓ ઉપસ્થિત રહેશે. કથાનું આયોજન પરાગીબેન પંડ્યા કોર્પોરેટર મનપા દ્વારા કરવામાં આવ્યું છે. શિવજીની ગાથા રજુ કરતી શિવ-મહાપુરાણ અમરકથામાં નગરજનોને ઉપસ્થિત રહી લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
બોલીવુડ વીલા : ૧૨.૩૦
બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦
દ્રુષ્યમ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦
બોબી જાસૂસ : ૬.૩૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે), ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર- દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**મીન** : પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ભાનુપ્રસાદ ક્રિયાશંકર પુરોહિત (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૩૩/૧, મહાકાળી મંદિર, સેક્ટર-૨૦, ગાંધીનગર.
- સ્વ.કાશીબેન ડાહ્યાભાઈ મકવાણા (ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૫૫૫/૧, સેક્ટર-૭બી, ગાંધીનગર.